પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૯ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯, મંગળવાર; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે નમામિ દેવી નર્મદે મહોત્સવમાં મોદી




## અમદાવાદ પહોંચ્યા બાદ આજે મોદીના શ્રેણીબદ્ધ કાર્યક્રમો રહેશે : પોતાના ૬૯માં જન્મદિવસના પ્રસંગે મોદી માતા હિરાબાના આશીર્વાદ મેળવીને વિવિધ કાર્યક્રમોની શરૂઆત કરશે : કેવડિયામાં બંધના સ્થળે સભાને સંબોધશે

અમદાવાદ,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૬૯ વર્ષના થવા જઈ રહ્યા છે. આ પ્રસંગે તેઓ નર્મદા નદી પર બનેલા ગુજરાતના સરદાર સરોવર બંધના સ્થળે જ્યાં જળ સપાટી પ્રથમ વખત સર્વોચ્ચ સ્તર પર પહોંચી ચુકી છે. બંધની જળ સપાટી ૨૦૧૭માં પ્રથમ વખત વધારવામાં આવી હતી. ત્યારબાદથી જળસપાટી ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચી ચુકી છે. આજે મોડી સાંજે અમદાવાદમાં આવી પહોંચ્યા બાદ મોદીના કાર્યક્રમોની શરૂઆત થઈ રહી છે. મોદી આવતીકાલે સવારે ૬૯માં જન્મદિવસના અવસરે નર્મદા જિલ્લાના કેવડિયામાં બંધ સ્થળે જશે અને ત્યાં જળસપાટી સર્વોચ્ચ સ્તરે પહોંચવાના ભાગરુપે આયોજિત નમામિ દેવી નર્મદે મહોત્સવમાં સામેલ થશે. મોદી ગાંધીનગરથી કેવડિયા માટે રવાના થતાં પહેલા રેસાનમાં પોતાની માતા હિરાબાને મળીને આશીર્વાદ મેળવશે.

નર્મદાના જિલ્લા કલેક્ટર આઈકે પટેલે કહ્યું છે કે, કેવડિયામાં બંધ સ્થળે પહોંચ્યા બાદ એક સભાને સંબોધન કરશે. સમારોહને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. નર્મદા, ભરુચ અને છોટાઉદેપુર જિલ્લામાંથી ૧૦૦૦૦થી વધુ લોકો પહોંચનાર છે. સભા બાદ બંધ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે



ચાલી રહેલી વિકાસ યોજનાઓનું નિરીક્ષણ કરશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા છે.

વડાપ્રધાન બપોરે ૧૨ વાગે આ જગ્યાથી રવાના થતાં પહેલા કેવડિયા પાસે ગરુડેશ્વર ગામમાં ભગવાન દત્તાત્રેય મંદિરમાં દર્શન કરશે. મંદિરના અધિકારીઓએ આ અંગેના અહેવાલને સમર્થન આપતા કહ્યું છે કે, એનસીએ દ્વારા વર્ષ ૨૦૧૪માં બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૮ મીટર સુધી કરવાની મંજુરી આપી હતી. બંધનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન મોદીએ

● અનુસંધાન પાન-૭ પર

# સુપ્રીમમાં કલમ ૩૭૦ પર સુનાવણી

## બે સપ્તાહમાં કેન્દ્રને વિસ્તૃત રિપોર્ટ આપવા આદેશ : સુપ્રીમે કાશ્મીરની સ્થિતિ અંગે કેન્દ્રને ૩૦મી સુધીની મહેતલ આપી : નેશનલ કોન્ફરન્સ નેતા ફારુક અબ્દુલ્લાને કસ્ટડીમા લેવાને લઇને પણ કેન્દ્ર સરકાર પાસેથી રિપોર્ટની માંગ કરી : સ્થિતિને સામાન્ય બનાવવા માટે આદેશ

નવી દિલ્હી,તા. ૧૬

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબૂદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયની સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે નેશનલ કોન્ફરન્સના નેતા અને સાંસદ ફારુક અબ્દુલ્લાને નજર કેદમાં રાખવાની સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી હતી. કાશ્મીરની સ્થિતિ ઉપર કેન્દ્ર સરકારને બે સપ્તાહમાં વિગતવાર રિપોર્ટ રજૂ કરવાના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. તમિળનાડુના નેતા અને એમડીએમકેના સ્થાપક દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. આગામી દિવસોમાં સુનાવણી ઉપર તમામની નજર રહેશે. એટર્ની

જનરલને સુપ્રીમ કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, કયા કારણથી તમે કહી ચુક્યા છો કે કાશ્મીરમાં સમાચાર પત્ર પ્રકાશિત થઈ રહ્યા છે. કાશ્મીર ખીણમાં ઈન્ટરનેટ અને ફોનની સુવિધા હજુ સુધી શરૂ કરવામાં કેમ આવી નથી. ખીણમાં કોમ્યુનિકેશન વ્યવસ્થાને બંધ કેમ રાખવામાં આવી છે. ત્યારબાદ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસએ બોબડે અને

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપી વચ્ચે ગઠબંધન

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. આ ચૂંટણીના કારણે કોંગ્રેસ અને એનસીપીએ ગઠબંધન કરી સીટોની ફાળવણી નક્કી કરી છે. ૨૮૮ વિધાનસભાની સીટો પૈકી ૧૨૫-૧૨૫ સીટો પર કોંગ્રેસ-એનસીપી ચૂંટણી લડશે. જ્યારે ૩૮ વિધાનસભા સીટ સહયોગીદળોને અપાઈ છે.

**કાઉન્સેલર કમ કમિશન એજન્ટ જોઈએ છે**

સમગ્ર ગુજરાત રાજયના જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ તથા ઉત્તર, મધ્ય, દક્ષિણ, સૌરાષ્ટ્ર – કચ્છ ઝોન પ્રમાણે
● ચીફ કાઉન્સેલર ● આસીસ્ટન્ટ કાઉન્સેલર ● કાઉન્સેલરની નિમણૂંક કરવાની છે. તો રૂબરૂ / ફોન દ્વારા નીચેના સરનામે / સમય મુજબ બાયોડેટા, આધાર પુરાવા, ફોટા સહિત સંપર્ક કરવો.

1994 થી સમગ્ર ગુજરાતમાં સર્વપ્રથમ "સ્પર્ધાત્મક" પરીક્ષાઓની તૈયારી શરૂ કરાવનાર સંસ્થા - ગાંધીનગરને સમગ્ર ગુજરાતના દર વર્ષે 20 લાખ જેટલા વિદ્યાર્થીઓ જે ગુજરાત સરકારમાં વિવિધ કેડરની પરીક્ષાઓ આપે છે તેમાં આવનાર ભવિષ્યમાં વિવિધ જગ્યાઓની ભરતી પરીક્ષાની તૈયારી માટે એક આયોજન પૂર્વકની - લક્ષ્ય પ્રાપ્તિ સાથે તૈયારી કરી શકે તે માટેના "જાન્યુઆરી-2020"માં શરૂ થતા "ફાઉન્ડેશન કોર્ષ"માં ગુજરાતના એક પણ તાલુકાનો વિદ્યાર્થી તૈયારીથી વંચિત ના રહે તે માટે ખાસ ઉપરોક્ત દર્શાવ્યા મુજબ "ઉત્ક્રાંતિ-TCCI કેરીયર એકેડેમી" ખાસ નિમણૂંક કરવા માંગે છે, તો નીચેના સરનામે સંપર્ક તા. 30-9-2019 સુધીમાં કરવો.

SINCE 1994
**ઉત્ક્રાંતિ-TCCI કેરીયર એકેડેમી**
નોકરી અંગેની ભરતી પરીક્ષાઓ માટેની તૈયારી કરાવતી સંસ્થા
સરનામું
બાપુ ગુજરાત નોલેજ વીલેજ બ્લોક ડી, બીજો માળ, મુ.પો. : વાસન, ગાંધીનગર-માણસા સ્ટેટ હાઈવે, તા.જી. ગાંધીનગર.
CONTACT : 93163 55863, 99258 02948, 93164 35664, 72839 25083
WEBSITE : www.theknowledgevalley.com Email : info@theknwoledgevalley.com

## કરતારપુર કોરીડોરનું નવેમ્બરમાં ઉદ્‌ઘાટન

પાકિસ્તાને કહ્યુ છે કે ગુરૂનાનક જયંતિ અગાઉ નવમી નવેમ્બરે કરતારપુર કોરીડોરનુ ઉદ્‌ઘાટન કરાશે. ૧૧મી નવેમ્બરે ગુરૂનાનક જયંતિ ઉજવાશે. અહી એરપોર્ટ જેવી સુવિધા પણ ઉભી કરાશે.

૨૮, જાન્યુઆરી 2020
**શિવ કથા**
પૂ. શ્રી ગિરિબાપુ
શ્રી શૈલમ-મલ્લિકાઅર્જુન જ્યોતિર્લીંગ ખાતે
(હૈદ્રાબાદ સાઈટસીઈંગ સાથે) • રૂા. 8850/- વ્યક્તિ દીઠ
**નવભારત હોલિડેઝ**
ગણેશ પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ
Ph: 61 999 000, 98258 02666, 98258 04079

દરેક પ્રકારની કોર્પોરેટ ગીફ્ટ
કીચેન • બોલપેન • વુડન ભગવાનના ફોટા
વોલ ક્લોક અને ટેબલ ક્લોક • મની પર્સ
બ્યુટી પાર્લર માટે લેડિઝ મિરર અને ઘણુ બધુ
**TK ART CORNER**
આશાપુરા ફેબ્રીક્સની ઉપર, બદો પોળ પાસે, આસ્ટોડીયા, રંગાટી બજાર, અમદાવાદ - ૦૧
98258 45060 • 83474 54707




